# રેલવે યાત્રી માટે ફોટો આઈડી ફરજિયાત

## નોન એસી સ્લિપર કલાસમાં ફોટો ઓળખપત્ર વગર મુસાફરી કરનારને ટિકિટ વગરના યાત્રી તરીકે ગણાશે અને જંગી દંડ કરાશે

નવી દિલ્હી,તા.૧૯

એજન્ટો દ્વારા વેચવામાં આવતી ટ્રાન્સફર્ડ ટિકિટોના મોટાપાયે ફેલાયેલા દુષણને રોકવાના હેતુસર રેલવેએ હવે નવી વ્યુહરચના તૈયાર કરી લીધી છે. ટુંક સમયમાં જ નોન એસી સ્લિપર ક્લાસમાં મુસાફરી કરતા યાત્રીઓ માટે પણ ઓળખપત્રને ફરજિયાત બનાવવામાં આવશે. રેલવેની આ વ્યુહરચનાને અસરકારક ગણવામાં આવે છે. વરિષ્ઠ રેલેવ અધિકારીઓ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે નોન એસી રિઝર્વ ક્લાસમાં મુસાફરી કરતા યાત્રીઓ માટે માન્ય ઓળખપત્ર રાખવા અંગેનો નિર્ણય અંદરખાને લેવામાં આળી ચુક્યો છે. ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવશે. અધિકારીએ એમ પણ કહ્યું છે કે ટ્રાન્સફર્ડ ટિકિટ ઉપર મુસાફરી કરતા યાત્રીઓ ઉપર અંકુશ મુકવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઘણાં દુષણને રોકવા રેલવે તંત્ર દ્વારા હાલમાં કમરકસી લેવામાં આવી છે. એજન્ટો ઉપર પણ આ નિર્ણયથી તવાઈ આવે તેવી શક્યતા છે. અગાઉ ફેબ્રુઆરી મહિનામાં રેલવે દ્વારા એસી ક્લાસમાં મુસાફરી કરતા યાત્રીઓ માટે ઓળખપત્ર રાખવાની બાબતને ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે તત્કાલ ઉપર મુસફરી કરતા યાત્રીઓ અથવા તો ઇ ટિકિટ ઉપર યાત્રા કરતા યાત્રીઓને પણ ઓળખપત્ર રાખવા સુચના આપવામાં આવી છે. નોનએસી પ્રવાસીઓને હજુ સુધી ફોટો ઓળખપત્રથી દુર રાખવામાં આવ્યા હતા. હવે પોલિસી સમીક્ષાને વધુ વિસ્તૃત બનાવવામાં આવી છે જેથી રિઝર્વ ક્લાસમાં મુસાફરી કરતા દરેક યાત્રીને માન્ય ઓળખપત્ર રાખવાની ફરજ પડશે. એક વખતે આ નિર્ણયની જાહેરાત કરી દેવામાં આવ્યા બાદ સ્લિપર ક્લાસમાં મુળભુત ઓળખ પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલા યાત્રીઓને ટિકિટ વગરના યાત્રી તરીકે ગણવામાં આવશે અને તેમની પાસેથી નિયમ મુજબ ચાર્જ વસુલ કરવામાં આવશે. આ નિયમ સ્લિપર ક્લાસ સહિતની તમામ ટિકિટો ઉપર લાગુ થશે. ઈન્ટરનેટ અથવા તો કોમ્પ્યુટરરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વવેશન સિસ્ટમ (પીઆરએસ) મારફતે રેલવે દ્વારા જારી કરવામાં આવેલી તમામ પ્રકારની ટિકિટો ઉપર આ નિયમો લાગુ થશે. ઓળખપત્ર સાથે જ સ્લિપર ક્લાસના યાત્રીઓને યાત્રા કરવાની મંજુરી અપાશે તેવા નિર્ણયથી બોગસ નામ પર બુકિંગ ટિકિટથી દલાલો દ્વારા કરવામાં આવતા ચેડા પણ રોકી દેવામાં આવશે. પ્રિમિયમ કિંમત ઉપર યાત્રીઓને આ પ્રકારની ટિકિટો દલાલ દ્વારા વેચી દેવામાં આવે છે. ટ્રેનની મુસાફરી હાથ ધરતી વેળા કોઈપણ નવ ઓળખપત્રો પૈકીના એકને લઈને યાત્રી કરી શકાશે. જેમાં મતદાર ઓળખપત્ર, પાસપોર્ટ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, ફોટો ઓળખપત્ર જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સિરિયલ નંબર હોવા જોઈએ. ઉપરાંત માન્ય સ્કુલ અને કોલેજ દ્વારા જારી કરાવમાં આવતા ફોટોગ્રાફ સાથેના ઓળખપત્ર, રાષ્ટ્રિયકૃત બેંકોની ફોટોગ્રાફ સાથેની પાસબુક, આધારકાર્ડ, ક્રેડિટકાર્ડનો ઉપયોગ કરી શકાશે. સ્લિપર ક્લાસમાં મુસાફરી કરતા લોકોમાં જાગૃતિ જગાવવામાં માટે ટુંક સમયમાં એક અભિયાન પણ ચલાવવામાં આવશે. ફોટો ઓળખપત્ર વગર મુસાફરી કરનાર યાત્રીઓ સાથે કડક વર્તન કરવામાં આવશે. લોકોમાં જાગૃતિ જગાવવા માટે ટ્રેન ટિકિટ ઉપર એક સંદેશો પણ પ્રકાશિત કરવામાં આવશે.




### ક્યા આઇડી ચાલી શકશે

- મતદાર ઓળખપત્ર
- પાનકાર્ડ
- ડ્રાઇવિંગ લાઇસન્સ
- કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જારી સિરિયલ નંબર ધરાવતા ફોટો ઓળખપત્ર
- માન્ય સ્કુલો અને કોલેજો દ્વારા જારી ફોટોગ્રાફ સાથેના વિદ્યાર્થી ઓળખ પત્ર
- આધારકાર્ડ
- ફોટોગ્રાફ સાથેની રાષ્ટ્રિયકૃત બેંકોની પાસબુક
- લેમિનેટેડ ફોટોગ્રાફ સાથે બેંકો દ્વારા જારી કરવામાં આવેલા ક્રેડિકકાર્ડ
- પાસપોર્ટ

## જ્યાં જ્યાં નજર મારી પડે, ત્યાં ત્યાં મચ્છર કરડ્યો છે આપને ક્યારેક ડેંગ્યુ થયો છે તો ક્યારેક મેલેરિયા-ફ્લુ થયો છે આપને

આજે ૨૦મી ઓગષ્ટ એટલે વિશ્વ મચ્છર દિવસ તરીકે યાદ કરાય છે, અને સાચું કહેજો આ મચ્છરનાં ઉપદ્રવમાંથી છૂટકારો મેળવવાં આપણે શું શું અખતરાં નથી કર્યા... સામ, દામ, દંડ,ભેદ બધું વાપરી ચુક્યા છીએ. એમની સામે પેલી ગૂંચળાવાળી ધીમે ધીમે સળગી ધુમાડો ફેકી આઘે રાખતી કાચબા છાપ અગરબત્તી લગાડી મનમાં શ્લોક પણ બોલીએ તોએ તેઓ આવીનેજ ઝંપે છે... ચંદનની જેમ શરીર પર ઑડોમાંસનો લેપ લગાડીએ, મચ્છરદાનીમાં બેસી જાપ કરીએ, અંતરની જેમ પેલો સ્પ્રે છાંટીએ, પણ એકાદા અડીયલ નેતા જેવો એ નારાજનો નારાજ !!

હમણાં એક કવિએ મચ્છર વીશે કવિતા લખી અને મચ્છર એને ડંખવા દોડી ગયો તો કવિ કરગરી પડ્યો, 'હું તો એક ગરીબ કવિ છું, મફતમાં કવિતાઓ લખી મારાં શરીરમાં આમેય થોડુંક પાતળું લોહી બચ્યું છે, એને ચાટીને તને શું મળશે ? એના કરતાં કોઈ જાડી ચામડીનાં તગડા નેતાને ચોંટ જાત-જાતનું લોહી ચાખવા



મળશે'... કવિની વિનંતી અને સલાહ માની મચ્છર તો મંત્રાલય બાજુ ઉડી ગયો પણ મેલેરિયાનાં ઉપદ્રવમાંથી છોડાવવાની કાકલુદી ભરી કવિતાની અસર મચ્છર પર આજ દિન સુધી થઈ નથી !!

### વિશ્વ મચ્છર દિન

**- સંજય થોરાત**


સ્ત્રી મચ્છર મનુષ્યમાં મેલેરિયાના જંતુ ફેલાવે છે એવું આજથી ૧૧૫ વર્ષ પહેલાં બ્રિટીશ ડૉક્ટર સર રોનાલ્ડ રોસે શોધી કાઢેલું... અને એમની આ મહાન શોધ માટે ૧૯૦૨માં નોબેલ પ્રાઈઝથી સન્માનવામાં આવેલાં... રોનાલ્ડ રોસે મલેરિયાની દવાની પણ શોધ કરેલી અને આજની તારીખેય રોસે ઉપયોગમાં લીધેલા સાધનો અને નોટબુક લંડનની સ્કૂલ ઓફ હાઈજીન અને ટ્રોપીકલ મેડિસીનમાં સંગ્રહીત છે...

મચ્છરથી ફેલાતો મેલેરિયાથી વર્ષે ૭.૮૧,૦૦૦ લોકો પ્રભાવીત થાય છે જે પૈકી ૯૦ ટકા લોકો જે મૃત્યુને ભેટે છે તે આફ્રિકામાં હોય છે..




પાંચ વર્ષથી નાના બાળકો અને ગર્ભવતી મહિલાઓનું મૃત્યુ મેલેરિયામાં થાય છે. દર ૪૫મી સેકન્ડે મેલેરિયાથી બાળક મૃત્યુ પામે છે. ઘાના જેવી આફ્રિકન કંટ્રીમાં મલેરિયાથી મૃત્યુનું પ્રમાણ ૧૦૦ ટકા સુધી જાય છે !! આફ્રિકન દેશોમાં હાહાકાર મચાવનાર મેલેરિયા ઈથોપિયા, રવાન્ડા જેવા દેશોમાંથી ૫૦ ટકા સુધી મલેરિયાથી રાહત મેળવી શકાઈ છે.... મોરોક્કો દેશને ૨૦૧૦માં મલેરિયા ફ્રી જાહેર કર્યો છે !!

મલેરિયાને ટાળી શકાય અને એનાથી બચી પણ શકાય છે. છેલ્લા દસ વર્ષોમાં મલેરિયાથી થતા મોતમાં ૨૦ ટકાનો ઘટાડો આવ્યો છે. અગીયાર



આફ્રિકન દેશોમાં લગભગ ૫૦ ટકા સુધી લોકોને મલેરિયાથી બચાવવામાં સફળતા મળી છે... મચ્છરથી બચવામાં મચ્છરદાની, ડીડીટી સ્પ્રે, કોઈલ ઘણી ઉપયોગી સાબીત થાય છે. મલેરિયા રિસર્ચ અને ડેવલોપમેન્ટ ટીમે હમણાં એક નવી દવા શોધી કાઢી છે, મલેરિયા વેક્સીનેશનના ટ્રાયલનો ત્રિજો તબક્કો આફ્રિકામાં થઈ રહ્યો છે !!

ભારતની અંદર પણ મલેરિયા અને અને મચ્છરને કારણે થતી બિમારીઓનું પ્રમાણ મોટા પ્રમાણમાં છે. જ્યાં ખુલ્લી ગટરો, ભરાયેલાં પાણી વધુ ત્યાં મચ્છરનું ઉત્પત્તી સ્થાન હોય છે. ચોમાસામાં ભરાતા પાણીથી મચ્છરો વધુ ઉત્પન્ન થઈ આક્રમક બને છે... ગાંધીનગર જેવાં શહેરમાં સ્વચ્છતાને લઈ મલેરિયાનું પ્રમાણ અને મેટ્રોસિટીનાં પ્રમાણમાં ઘણું જ નહીવત છે. આજે વિશ્વ મચ્છર દિન છે એટલે આપણે એટલી તો કાળજી લઈએ કે આપણાં ઘરની આસપાસ મચ્છરો પેદા ના થાય, અન્યથા કોઈલ, મેટ્સ, મચ્છરદાની, અગરબત્તિ, લીમડાનો ધુમાડો અને હમણાં હમણાં ચલણમાં આવેલું ચાઈનીઝ મચ્છર મારવાનું રેકેટ હાથવગું રાખવું, બાકી તો મલેરિયા થાય તો ગાંધીનગરમાં નિષ્ણાંત ડૉક્ટરોની કમી નથી... મોરોક્કોની જેમ ભારત પણ આ 'લીટલ ટ્રેક્યુલાં'ના ત્રાસમાંથી મુક્ત થાય એવી જ ઈચ્છા કરવી રહી !!

# દેશમાં પાક ઉત્પાદનમાં ૨.૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો

મુંબઈ,તા.૧૯

ઈકોનોમિક થિંક ટેન્ક (સીએમઆઈઈ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩માં મોટા પાકનું ઉત્પાદન ૨.૩ ટકા સુધી ઘટી જશે. દક્ષિણ પશ્ચિમ મોનસુનની નબળી પ્રગતીના પરિણામ સ્વરૂપે ખરીફ વાવેતરની સ્થિતી પણ સારી રહી નથી. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમિએ તેના માસીક અહેવાલમાં જણાવ્યું છે કે મોટા પાક ઉત્પાદનમાં ૨.૩ ટકા સુધીનો ઘટાડો થશે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે અમે ઘટાડાનું કદ ૦.૫ ટકાથી ઘટાડીને ૨.૩ ટકા કરી રહ્યા છીએ. નિરાશાજનક ખરીફ વાવેતરના કારણે સુધારામાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે.

અહેવાલમાં એમપણ જણવવામાં આવ્યું છે કે ત્રીજી ઓગસ્ટ સુધી ખરીફ વાવેતરમાં ૯.૨ ટકા સુધીનો ઘટાડો થતાં ખરીફ વાવેતરની પ્રવૃત્તિ ૭૩૫ લાખ હેક્ટર વિસ્તારમાં થઈ છે. દક્ષિણ પશ્ચિમ મોનસુનની નબળી પ્રગતીના પરિણામ સ્વરૂપ તમામ મોટા પાકના વાવેતરનો અસર થઈ છે. અહેવાલમાં એમપણ જણાવવામાં આવ્યું છે કે બાજરા ઉત્પાદનમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે અને આ આંકડો આઠ મિલિયન ટન સુધી પહોંચી શકે છે. કારણ કે રાજસ્થાનમાં ઓછા વાવેતરના કારણે ૨૭ ટકા ઘટીને વાવેતરની પ્રવૃત્તિ ૪૬ લાખ હેક્ટર વિસ્તારમાં થઈ છે. જ્યારે કઠોળનું ઉત્પાદન ૧.૩ ટકા સુધી ઘટી શકે છે. વાવેતરની પ્રવૃત્તિ ૧૬.૮ ટકા ઓછા વિસ્તારમાં થઈ છે એટલે કે ૭૨.૮ લાખ હેક્ટર વિસ્તારમાં કઠોરની વાવેતરની પ્રવૃત્તિ થઈ છે. ચોખાની ખેતીને પણ ૮.૭ ટકા સુધી માઠી અસર થઈ શકે છે. જો કે ઘઉંનું ઉત્પાદન ગયા વર્ષની સપાટી સુધી સ્થિર રહેવાની વકી છે. એકંદરે અનાજ ઉત્પાદનમાં બે ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે.

# નાગ મિસાઈલના નિષ્ફળ પરિક્ષણથી હતાશા ફેલાઈ

નવી દિલ્હી,તા.૧૯

લાંબા વિલંબના કારણે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડિઆરડીઓ)ની ટેન્ક વિરોધી નાગ મિસાઈલને આજે એક મોટો ફટકો પડ્યો હતો. કારણ કે નાગ મિસાઈલનું પ્રાયોગિક પરિક્ષણ હાલમાં જ નિષ્ફળ નિવડ્યું છે. ડીઆરડીઓના સુત્રોએ કહ્યું છે કે સેનાના લેફ્ટિ જનરલ રેન્ક અને ડીઆરડીઓના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમં રાજસ્થાનમાં થયેલા પરિક્ષણમાં મિસાઈલની કામગીરી સંતોષજનક રીતે રહી ન હતી. અધિકારીએ કહ્યું છે કે મહાજન ફાયરિંગ રેન્જમાં પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જે ગાળામાં ચાર નાગ મિસાઈલો ઝિંકવામાં આવી હતી. જેમાંથી માત્ર એક જ લક્ષ્યાંક ઉપર પડી હતી. જ્યારે અન્ય સાધનમાં ખામી હોવાના કારણે ફેલ થઈ ગઈ હતી. સુત્રોએ કહ્યું હતું કે પરિક્ષણ દરમિયાન ઉપસ્થિત સેનાના અધિકારી મિસાઈલના પ્રદર્શનથી સંતુષ્ઠ દેખાયા ન હતા. તેઓએ સરંક્ષણ સંશોધન સંસ્થાને ભવિષ્યમાં થનાર પરિક્ષણો માટે વધુ સારી રીતે તૈયાર થવા અપિલ કરી હતી. નાગ મિસાઈલની વિકાસ કામગીરી ઝડપથી ચાલી રહી છે. આ યોજના ૧૯૮૦માં શરૂ થઈ હતી. હજુ મિસાઈલને સામેલ કરવાના તબક્કા સુધી પહોંચવામાં વધુ વર્ષો લાગી શકે છે. ડીઆરડીઓના પ્રવક્તા રવિ ગુપ્તાએ કહ્યું હતું કે આંશિક સફળતા હાથ લાગી છે.

# બંગાળમાં ચાલતી ટ્રેનથી ૧૧ લોકોને ફેંકી દેવાયા

સિલીગુડી, તા.૧૯

બેંગ્લોરથી આસામ જઈ રહેલા લોકોને લઈને જતી ગુવાહાટી ટ્રેનમાંથી બે યાત્રીઓને ફેંકી દેતા તેમના મોત થયા છે. ગુવાહાટી જતી ટ્રેનની બહાર આ બેને ફેંકી દેવામાં આવ્યા હતા. આ બનાવથી ભારે ખળભળાટ મચી ગયો છે. પશ્ચિમ બંગાળમાં આ બનાવ બન્યો છે. આ બનાવ નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર રેલવેના ડેલાકોબા અને રાણીનગર સ્ટેશન વચ્ચે બન્યો હતો. અન્ય નવ લોકોને પણ ઝપાઝપીમાં ઈજા થઈ છે. જે પૈકી ચારની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બેંગ્લોરથી આસામના લોકોને લઈને ગુવાહાટી જતી ટ્રેનમાંથી બે લોકોને ફેંકી દેવામાં આવ્યા હતા. એનઈએફ પ્રવક્તા એસ હજોંગે કહ્યું છે કે આ ટ્રેન ન્યુ જલપાઈ ગુડી સ્ટેશનથી રવાના થયા બાદ થોડીકવારમાં જ ૧૧ લોકોને ટ્રેનની નીચે ફેંકી દેવામાં આવ્યા હતા. જેમાં એકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય એકે સિલીગુડી સ્થિત નોર્થ બંગાલ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં દમ તોડી દીધું હતું. એક ભોગ બનેલાની ઓળખ કરી લેવામાં આવી છે. તમામ ઘાયલ થયેલા લોકોને નોર્થ બંગાળ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રેલવે સુત્રોએ કહ્યું છે કે આ ટ્રેનમાં આસમાના લોકો મોટી સંખ્યામાં યાત્રા કરી રહ્યા હતા. આ લોકો પોતાના પર હુમલાની અફવા બાદ બેંગ્લોરથી વતન પરત ફરી રહ્યા હતા. આ બનાવને લઈને ભારે તંગદીલી ફેલાઈ ગઈ છે. બંગાળમાં બનેલા બનાવથી સ્થિતી વણસી જવાની દહેશત પણ દેખાઈ રહી છે.

# હિજરતનો સિલસિલો અંતે રોકાયો

બેંગ્લોર,તા.૧૯

ઉત્તર પુર્વીય રાજ્યોના લોકોની હિજરતનો સિલસિલો હવે આખરે ધીમો પડી ગયો છે. જુદા જુદા રાજ્યો દ્વારા લેવામાં આવેલા સુરક્ષા સાથે સંબંધીત તમામ પગલાના પરિણામ સ્વરૂપ હિજરતનો સિલસિલો હવે અટકી રહ્યો છે. હિજરતનો સિલસિલો અટકી ગયો હોવા છતાં દહેશત અકબંધ રહી છે. સમાજ વિરોધી તત્વો સામે જુદા જુદા રાજ્યોમાં પોલીસ કઠોર કાર્યવાહી કરી રહી છે. ઘણા લોકો હજુ પણ માને છે કે ૨૦મી ઓગસ્ટ બાદ નવેસરથી હુમલા કરાશે.

બેંગ્લોરથી આજે રેલવે દ્વારા એક ખાસ ટ્રેન રદ કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી હિજરતનો સિલસિલો તીવ્ર રીતે જારી રહ્યા બાદ હવે આ સિલસિલો અટકી રહ્યો છે. આજે માત્ર ૮૦ રેલવે ટિકિટ વેચાઈ હતી. જેના પરિણામ સ્વરૂપે રેલવે અધિકારીઓને ગુવાહાટીની ખાસ ટ્રેન રદ કરવાની ફરજ પડી હતી. સિનિયર ડેપ્યુટી કોમર્શિયલ મેનેજર એન રમેશે માહિતી આપતા કહ્યું છે કે શનિવારે મોડી રાત્રે કોઈ ટ્રેન રવાના કરવામાં આવી ન હતી. એક ખાસ ટ્રેન દોડવવા માટે ઓછામાં ઓછી ૨૫૦૦ ટિકિટ બુક થાય તે જરૂરી હોય છે. પરંતુ પુરતી સંખ્યામાં ટિકિટનું બુકિંગ થયું ન હતું. માત્ર ૮૦ ટિકિટનું બુકિગ થયું હતું. યશવંતપુર પોલીસ સ્ટેશનમાં સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. બેંગ્લોરમાંથી જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાંથી પણ હિજરતનો સિલસિલ ધીમો પડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર દિવસની અંદર જ બેંગ્લોરમાંથી ૩૦૦૦૦થી વધુ લોકો હુમલાના ભયથી હિજરત કરી ચુક્યા છે. આ સિલસિલો સુરક્ષા પગલા લેવાયા બાદ અટકાવી દેવામાં સફળતા મળી છે. હાલ માત્ર બેંગ્લોરમાં જ નહીં બલ્કે પુણે, હૈદરાબાદ, મેંગ્લોર, ચૈન્નઈમાં પણ ભારે અફડાતફડી જોવા મળી હતી. હકાલપટ્ટીનો સિલસિલો અટકી ગયો છે પરંતુ દહેશત અકબંધ રહી છે. સમાજવિરોધી તત્વો સામે પોલીસ કઠોર કાર્યવાહી કરી રહી હોવા છતાં એવી અફવા ફેલાઈ છે કે ૨૦મી ઓગસ્ટ બાદ ફરી હુમલા થશે. અફવા ફેલાવનાર તત્વો પૈકી મોટી સંખ્યામાં આવા લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. યુપીએ સરકાર પણ સક્રિય થઈ ચુકી છે.

### હિજરત કેસના મામલે ભારતના આક્ષેપનો પાકનો રદિયો

ઉત્તર પુર્વીય રાજ્યોમાં લોકોની હિજરતના મામલે પાકિસ્તાન પર કરવામાં આવેલા આક્ષેપને આજે પાકિસ્તાન સરકારે રદિયો આપ્યો હતો. અન્ય રાજ્યમાંથી ઉત્તર પુર્વીય રાજ્યોના લોકોની હિજરતમાં પાકિસ્તાનની ભુમિકા રહેલી છે તેવા આક્ષેપ પાયાવગરના હોવાની વાત કરવામાં આવી છે. પાકિસ્તાન હાઈકમિશનના સુત્રોએ કહ્યું છે કે આ પ્રકારના સુચનોથી ભારત અને પાકિસ્તાન વચ્ચે વિશ્વાસ ઘટી જશે. ગૃહસચિવ આરકે સિંહે નિવેદન કરતા અગાઉ કહ્યું હતું કે આસામમાં મુસ્લિમોની હત્યા માટે ઉત્તર પુર્વીય લોકો પર હુમલાઓ કરાશે તેવી અફવામાં પાકિસ્તાનનો હાથ છે. આવી આફવાઓના પરિણામ સ્વરૂપે ઘણાં રાજ્યોમાંથી લોકો હિજરત કરી ગયા હતા. પાકિસ્તાની સુત્રોએ કહ્યું છે કે આ પ્રકારના આક્ષેપો બિલકુલ આધાર વગરના છે. તેમાં કોઈ વાસ્તવિક્તા નથી. પાકિસ્તાન ઉપર દોષારોપણ કરવાના બદલે ભારતે તેના આંતરિક મુદાઓને ઉકેલવા માટે કામ કરવું જોઈએ. આવા નિવેદનથી અવિશ્વાસ વધશે. સિંહે એમ પણ કહ્યું હતું કે ભારત આ પ્રશ્ને પાકિસ્તાન સાથે વાત કરશે. ટેકનિકલ ટીમ દ્વારા વધુ ચકાસણી કરવામાં આવી રહી છે.

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

બંને વચ્ચે વાદવિવાદ થતાં કોઈ વખત તેનો પતિ હાથપણ ઉપાડી લેતો હતો. સંધ્યા આ બધું દુઃખ નતમસ્તકે સહન કરી લેતી તે તેની ભૂતકાળની મજબૂરી હતી.

સંધ્યા સ્વભાવે જક્કી અને અડગ મનોબળ ધરાવતી હતી પરંતુ પતિની સાથે એક પતિવ્રતા નારી તરીકે નારીધર્મ બજાવતી હતી. વળી, નારી કેન્દ્રની અધ્યક્ષ હતી એટલે ફરજિયાત બધું સહન કરી લેતી. આમ, વિચારી વમળે ચઢી જતાં મોડે મોડે તેની આંખ મળી ગઈ.

બીજ દિવસે ઓફિસથી સંધ્યા ઘરે આવી આજે તેનો મિજાજ બરાબર ન હતો. તેણીને કોઈ ચિંતા સતાવતી હોય તેમ બે ધ્યાન થઈ ગયેલી. હંમેશ કરતાં વધારે બેચેન લાગતી એટલે એના પતિએ પૂછ્યું. 'સંધ્યા, આજે કેમ ચિંતામાં છે કે શું ?'

'નારી કેન્દ્રના પ્રશ્નો નિત્ય નવાનવા અને વિચિત્ર આવતા હોય છે કે, જેનો ઉકેલ લાવવો એ મોટી સમસ્યા હોય છે.'

બંને પલંગમાં સુતા પણ સંધ્યાની બેચેનીથી તે બેઠો થયો. સંધ્યાએ પતિના ખોળામાં માથું નાંખ્યું. તેના પતિની આંગળીઓ સંધ્યાના વિખરાયેલા વાળમાં અને કરમાયેલા ગાલો પર ફરવા લાગી. સંધ્યાના દેહમાં કોઈ સ્પંદન ન હતા. આશાના હાથમાં જે ફોટો હતો તે એક દેખાવડા નવયુવાનનો હતો. તે ફોટા પર સંધ્યાની આંખો મંડાયેલી રહેતી ને એ ફોટો જોયા પછી સંધ્યા હંમેશા ખોવાયેલી રહેતી ને ઉંડા વિચારોમાં ગરકાવ થઈ જતી. સંધ્યાના માનસપટમાં ચાલી રહેલા વિચારોના યુદ્ધથી તેણી માનસિક સ્થિરતા ગુમાવી બેઠેલી. આશાના કેસનો ઉકેલ લાવવા શું કરવું ? શું ન કરવું? શું નિર્ણય લેવો? આમ નારી કેન્દ્રના અધ્યક્ષ તરીકે આશાનું દુઃખ સંધ્યાને સતાવતું હતું.

નારી કેન્દ્રમાં ઘણા પ્રશ્નો તેણે ઉકેલ્યા પણ આ પ્રશ્ન એટલો બધો ગુંચવાયેલો નિકળ્યો કે તેના હાથ ઢીલા પડી ગયેલા. તેના દેહમાં કોઈ શકતી રહેલી નહી. આશાના પતિને સજા કરવી કે તેનું ઉજ્જડ થઈ ગયેલું ઘર ફરીથી વસાવું . સંસાર સુખનો આનંદ પાછો લાવી તેનો મુસ્કુરાકો ચ્હેરો ફરીથી જોવા !

સંધ્યાના પતિએ ગાલ પર હાથ મૂકતાં જોયું તો તેણીને તાવ હોય તેવું લાગતાં તેણે ઉદાસ થઈ પૂછ્યું, 'સંધ્યા, અટપટ્ટી સમસ્યા છે કે, જેના ઉકેલ નથી.?'

'મારી પાસે જે સમસ્યા છે તે સ્ત્રીના મા-બાપ વૃધ્ધ છે. તેમનો આધાર તેમની એકની એક છોકરી છે. આ સ્ત્રીનો પતિ છેલ્લા સત્તરેક વર્ષથી બીજા લગ્ન કરી લીધા છે. આથી આ સ્ત્રી માનસિક સ્થિરતા ગુમાવી બેઠી છે. તો આવા પતિને શું સજા કરવી ?'

આ સ્ત્રીની માનસિકતા જોઈ સંધ્યાના પતિએ કહ્યું, 'આવા પુરૂષને તો કડકમાં કડક સજા કરવી જોઈએ!'

'એ સ્ત્રીના મા-બાપ સગા-સંબંધી બધાં દિકરીની માનસિક સ્થિતી જોઈ શકે ખરા ?' સંધ્યાએ કહ્યું.

'સંધ્યા, તારી પાસે જે સ્ત્રીની સમસ્યા આવી છે તે ખરેખર કરૂણ ઘટના છે. આવા પુરુષોને તો આજીવન કેદની સજા થાય તેવા કાયદા હોવા જોઈએ.' સંધ્યાના પતિએ સ્ત્રીની દયા ખાતા કહ્યું.

સંધ્યાને ખ્યાલ આવી ગયો કે, તેના પતિ તેના વિચારોને સંપૂર્ણ સંમત થઈ ગયો છે. આથી સંધ્યા વિચારે ચઢી ગઈ કે આશાના પતિને આજીવન કેદની સજા કરવી ફરીથી તેનો ઉજ્જડ થઈ ગયેલો સંસાર વસાવો.

(ક્રમશઃ)

# ભાજપ અને કોંગ્રેસ સાથે મળી ચુંટણી લડે તે જરૂરી

નવી દિલ્હી, તા.૧૯

એક સમયે ભાજપના ચાણક્ય ગણાતા નેતા ગોવિંદાચાર્ય માને છે કે નીતિમાં સમાનતા હોવાના કારણે ભાજપ અને કોંગ્રેસે આગામી લોકસભાની ચુંટણી સાથે મળીને લડવી જોઈએ. જેથી સંસદમાં વિપક્ષની જગ્યા ખાલી થઈ શકે અને ગરીબોનો અવાજ ઉઠાવી શકાય. ગોવિંદાચાર્યએ દેશના બે મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે દેશમાં સત્તા અને વિપક્ષનો ભેદ ખતમ થઈ ગયો છે. બંને પક્ષો વિદેશી અને અમિર તરફી નીતિઓને પ્રોત્સાહન આપી રહી છે. સંસદમાં ગરીબો માટે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો નથી. ભાજપ અને કોંગ્રેસે આગામી ચુંટણી સાથે મળીને લડવી જોઈએ. કારણ કે તેમની નીતિ સમાન છે. ગરીબોની ચિંતા કરનાર પક્ષોના પ્રતિનીધી સંસદમાં પહોંચી ગરીબ લોકોને અવાજ ઉઠાવે તે જરૂરી છે. ભ્રષ્ટાચારની સામે અણ્ણા હજારે અને બાબા રામદેવના આંદોલન નિષ્ફળ ગયા છે પરંતુ જનજાગણરની સફળતનો સંકેત આપે છે.

## હાઉસીંગ સેક્ટર માટે પેકેજની જાહેરાત પણ કરાશે

# ઓટો અને ડ્યુરેબલ લોન વધુ સસ્તી બને તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી,તા. ૧૯

સામાન્ય લોકોને આગામી દિવસોમાં મોટી રાહત મળી શકે છે. કારણ કે ઓટો અને ડ્યુરેબલ લોનને વધુ સસ્તી કરવાની કવાયત બેંકો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. ટુંક સમયમાં આ સંબંધમાં યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે સામાન્ય લોકો પરથી બોજ ઘટાડવા જાહેર ક્ષેત્રની બેંકોને સુચના આપી દીધી છે. બીજી બાજુ બેંકોએ પણ ચિદમ્બરમના આદેશ બાદ હકારાત્મક પ્રતિક્રિયા આપી છે. માંગ અને રોકાણ વચ્ચે સંતુનલ જાળવી રાખવા તમામ પગલા લેવામાં આવે તેના પર ચિદમ્બરમે ભાર મુક્યો છે. ચિદમ્બરમની સુચના બાદ બેંકોએ તરત કહ્યું હતું કે તેઓ રેટમાં માળખાની સમીક્ષા કરશે. ઉપરાંત બોજને ઘટાડવા માટેના વિકલ્પ પર ચકાસણી કરશે.એસબીઆઈના ચેરમેન પ્રતિપ ચૌધરીએ આજે આ મુજબની માહિતી આપતા કહ્યું હતું કે નાણાં પ્રધાનો કન્ઝ્યુમર ડ્યુરેબલ માટે વ્યાદ દરમાં ઘટાડો કરવા બેંકોને સલાહ આપી છે. પંજાબ નેશનલ બેંકના વડા કેઆર કામથે કહ્યું હતું કે બેંકો બોજને ઘટાડવા માટે જુદા જુદા વિકલ્પ પર વિચારણા કરશે. હાઉસિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે પણ તમામ પગલા લેવામાં આવશે.

મળેલી માહિતી મુજબ માસિક ઈન્સ્ટોલમેન્ટ અથવા તો ઈએમઆઈઘટી શકે છે. આગામી દિવસો લોન લેનાર લોકો માટે રાહતવાળા હોઈ શકે છે. ચિદંમબરમ દ્વારા આ મુજબની ખાતરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત નાણામંત્રીએ કેટલાક જરૂરી પગલા લેવા પણ બેંકોને સુચના આપી છે જેથી મુડીરોકાણને વધારી શકાશે. તાહેવારની સિઝન પહેલા અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. નવી ઓટો લોન પર વ્યાજદર ઘટવાનો તપ્પો તૈયાર થઈ ગયો છે. હાઉસીંગ સેક્ટરને પણ મળે તેવી શકયતા છે. ખાદ્યાન ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોચ્યા છે. વ્યાજદરો વર્ષ ૨૦૧૦ બાદથી સતત વધ્યા છે કારણ કે આરબીઆઈએ ફુગાવાને અંકુશમાં લેવા ૧૩ વખત વ્યાજદરમાં વધારો કર્યો હતો. ભાવને કાબુમાં લેવા માથામણ ચાલી રહી છે. ચિદંમબરમનું કહેવું છે કે ઉંચી માંગના કારણે જુદા જુદા ક્ષેત્રોમાં તેજી આવી શકે છે. બેંકોને ઘણી સુચનાઓ આપી દેવામાં આવી છે.

# એટીએમની સંખ્યાને બે ગણી કરવા તૈયારી શરૂ

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં એટીએમની સંખ્યા વધારવા બેંકોને સુચના આપવામાં આવી છે. કેશ સ્વીકાર કરવાની બાબત વધુ સરળ બનાવવા અને રોકડ રકમ લોકોને સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવા બેંકોને કહેવામાં આવ્યું છે. ઈલેક્ટ્રોનિક ટ્રાન્જિક્શન વધારવા પણ કહેવામાં આવ્યું છે. ઉપરાંત દરરોજના કલેક્શન માટે ડોર ટુ ડોર કેશ કલેક્શન સર્વિસ પણ શરૂ કરાશે. બેંકોની શાખાઓમાં એક્ટિવીટીના આશરે ૨૦ ટકા સુધી ઈ લેવડ-દેવડ થાય છે. આ હિલચાલથી બેંક શાખાઓની સંખ્યામાં ઘટાડો થશે. ઉપરાંત રોકડ લેવડ-દેવડમાં ઘટાડો થશે. ઉપરાંત ડોર ટુ ડોર કેશ કલેક્શન સર્વિસથી બેંક શાખા ઉપર દબાણ ઘટશે. બેંકોને એટીએમની સંખ્યા પ્રવર્તમાન ૬૩૦૦૦ વધારીને બે ગણી કરવા પણ કહેવામાં આવ્યું છે. જેથી રોકડ સ્વીકારવાની બાબત વધુ સરળ બની શકે.